ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૭/૨૧-૨૨/ 817 તારીખ : 09 MAR 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી સહદેવસિંહ જે.ગોહિલ,**
**કાળીયાબીડ, સી-૫૦૩,**
**વારાહી સામે,**
**ભાવનગર.**

કેસ નં.૮૭/૨૧-૨૨

**મો.નં- ૯૪૨૬૪ ૪૦૮૮૪**

**વિષય : વિજ પુરવઠા ની અનિયમિતતા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૭/૦૨/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૭/૦૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૨૧-૨૨/૪૪૭ તા.૦૮/૦૨/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૨૧-૨૨/૫૫૮ તા.૧૮/૦૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૩/૦૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**શહેર વિભાગીય કચેરી-૨, ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મામસા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૮૭/૨૧–૨૨</u>** ☜

વાદી :– **શ્રી સહદેવસિંહ જે ગોહિલ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૩/૦૨/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી સહદેવસિંહ જે ગોહિલ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી વાય.આર.જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ગોહિલ સહદેવસિંહ જે, ભાવનગર ની વિજ પુરવઠાની અનિયમિતતા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૭/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૨૧–૨૨/૪૪૭ તા.૦૮/૦૨/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૩/૦૨/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી સહદેવસિંહ જે ગોહિલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી વાય.આર.જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજૂઆત મુજબ તેઓ પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, મામસા ખાતે ભેંસવડી ગામે ગ્રાહક નં– ૩૭૮૫૫/૧૦૦૦૨/૪, ઔદ્યોગીક હેતુનું સોમનાથ કવોરી ના નામે વિજ જોડાણ ધરાવે છે.

૧.૨ સદર વિજ જોડાણમાં દરરોજ ૪ થી ૫ વખત લાઈટ બંધ રહે છે. જે કારણો, અનેક નુકશાન રહે છે અને ગમે ત્યારે અમોને જાણ કર્યા વિના વિજ પુરવઠો બંધ કરવામાં આવે છે. જેના કારણે અમારી કવોરીમાં પથ્થરો ફસાઈ જવાથી ખૂબ જ મોટું નુકશાન થાય છે.

૧.૩ તો આ બાબત ધ્યાને લઈ વહેલી તકે જરૂરી સૂચના આપવી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી સહદેવસિંહ જે ગોહિલ, પેટા વિભાગીય કચેરી, મામસા માં ગ્રાહક નંબર – ૩૭૮૫૫૧૦૦૨૪ થી ૧૦૦ કેવી નું ભેંસવડી ગામ ખાતે LTMD વિજ જોડાણ ધરાવે છે.

૨.૨ ઉપરોકત વિજજોડાણ ને ૬૬ કેવી નથુગઢ S.S માંથી નીકળતાં ૧૧ કેવી નથુગઢ જેજીવાય ફીડરમાંથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

૨.૩ છેલ્લા છ માસના વિજ વિક્ષેપ ની વિગતવાર માહિતી મહિના મુજબ અને તારીખ પ્રમાણે આ સાથે સામેલ કરેલ છે. જે મુજબ મહિના દરમિયાન બંધ રહેલ વિજ પુરવઠાની માહિતી નીચે મુજબ છે. (Annexure – 1)

| Sr. No | Month | TT | PF | PF Duration | LC | LC Duration | Total Duration |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Aug-21 | 16 | 5 | 5.30 | 5 | 4.45 | 10.15 |
| 2 | Sept-21 | 20 | 11 | 21.30 | 6 | 6.55 | 28.25 |
| 3 | Oct-21 | 35 | 5 | 05.20 | 6 | 4.35 | 9.55 |
| 4 | Nov-21 | 12 | 3 | 4.20 | 4 | 5.00 | 9.20 |
| 5 | Dec-21 | 9 | 3 | 2.10 | 8 | 4.35 | 6.45 |
| 6 | Jan-22 | 12 | 3 | 3.00 | 7 | 3.00 | 6.00 |
| 7 | Feb-22 | 10 | 1 | 0.15 | 3 | 2.25 | 2.40 |

૨.૪ વધુમાં, સદર ગ્રાહકના વિજ વિક્ષેપ ને લગતી કામગીરી એમએમટી ગેંગ ના કાર્યક્ષેત્રમાં આવતી હોય જે નાયબ ઈજનેરશ્રી, મામસા ની સૂચના મુજબ જયારે ૧૧ કેવી નથુગઢ જેજીવાય ફીડરની લાઈન કલીયર લેવાની હોય ત્યારે ગ્રાહક શ્રી સહદેવસિંહ જે ગોહિલ ને જાણ કર્યા પછી જ લાઈન બંધ કરવામાં આવે છે.

૨.૫ પરંતુ, ઘણીવાર મોબાઈલ નેટવર્ક ના અભાવે ફોન લાગતા ન હોવાથી ગ્રાહક ને જાણ કરવી શકય ન બનતા અને સ્ટાફ ને કામગીરી માટે અનિશ્ચિત સમય માટે રાહ જોવી પણ શકય ન હોવાથી તેવા નહીવત કેસમાં ગ્રાહકને જાણ કર્યા સિવાય લાઈન બંધ કરવામાં આવે છે.

૨.૬ તેમજ ટ્રીપીંગ કે ફોલ્ટ અનિશ્ચિત સમયે આવતા હોવાથી ગ્રાહકને જાણ કરવી શકય ન હોવાનું પણ અરજદારશ્રી ને સમજાવેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીની રજૂઆત મુજબ ઇન્ટરપશન આવે છે તેની ખરાઈ TT Index પરથી કરવામાં આવેલ છે.

૩.૨ વાદી દ્વારા રજૂ કરેલ રજૂઆત તેમજ પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ રજૂઆત ધ્યાને લેવામાં આવેલ છે.

૩.૩ વાદીના વિજ સ્થળ સુધી Pole to Pole સર્વે કરી માસ મેઈન્ટેનન્સ ની કાર્યવાહી દિવસ–૩૦ માં પૂર્ણ કરવી, અને કરેલ કાર્યવાહીનો અહેવાલ ફોરમને કરવો.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૩ " મુજબ હુકમ કરવામાં આવે છે.
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૨૩/૦૨/૨૦૨૨.